# Kids કોર્નર



**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in

## વારતા રે વારતા

# અંતરની દૂરી, દિલની નહીં



એક નાનું ગામ હતું – લીલાછમ ખેતરોની વચ્ચે, મધુર પવનમાં ન્હાતું અને પંખીઓના કિલબિલાટથી જીવંત. એ ગામમાં રહેતી મીના અને દીપા, બાળપણથી એકબીજાની છાયા જેવી.

બંને એક જ શાળામાં ભણતી, એક જ બેચ પર બેસતી, એકબીજાના ટિફિન વહેંચતી. શાળાના કલાક પૂરા થયા પછી તેઓ નદીના કાંઠે દોડતી, માટીમાંથી ગુડિયા બનાવતી, અને સૂર્યાસ્ત જોતી.

મીના હંમેશા મસ્તમૌલા – હસતી, બોલતી અને દરેકને ખુશ રાખતી. દીપા થોડી શાંત, વિચારી અને નાની નાની વાતોમાં ખોવાઈ જતી. પણ બંનેની મિત્રતા એવી કે આખા ગામમાં ચર્ચાતી.

એક દિવસ, દીપાના પપ્પાને શહેરમાં સરકારી નોકરી મળી. ગામ છોડવાનો સમય આવી ગયો.

મીનાએ ઉદાસ થઈને પૂછ્યું,

"તું મને છોડીને જઈશ દીપા?"

દીપા બોલી,

"ના મીના, હું તને ક્યાં છોડું? ફક્ત ગામ છોડું છું, તને નહીં."

તે દિવસે બંને નદીના કિનારે બેઠી હતી. આકાશમાં સૂર્ય ડૂબતો હતો. મીનાએ દીપાને નાની ચાંદીની ચુડી આપી, "આ પહેરીને રાખજે, જ્યારે પણ જોશે, મને યાદ કરજે."

દીપાએ પણ પોતાની ડાયરીનો એક પાનું ફાડી આપ્યું, જેમાં લખ્યું હતું –

"સાચી મિત્રતા અંતરથી નહીં, અંતરંગથી જ જીવંત રહે છે."

શહેરમાં દીપાનું જીવન શરૂ થયું. ઊંચી ઇમારતો, ભારે ટ્રાફિક, નવી શાળા – બધું અજાણ્યું. પ્રથમ દિવસથી જ એને મીનાની યાદ આવતી. કોઈ એની જેમ બોલાવતું નહોતું "એ દીપા! આવ ને રમીએ!"

શહેરમાં બધું ઝડપથી ચાલતું, પણ દીપાના દિલમાં એક ખાલીપો હતો.

દર રવિવારે દીપા મીનાને પત્ર લખતી – નાની નાની વાતો લખતી:

"આજે વરસાદ પડ્યો, મારી છત પરથી માટીની સુગંધ આવી – એકદમ અમારા ગામ જેવી!"

**શહેરમાં દીપાનું જીવન શરૂ થયું. ઊંચી ઇમારતો, ભારે ટ્રાફિક, નવી શાળા – બધું અજાણ્યું. પ્રથમ દિવસથી જ એને મીનાની યાદ આવતી**

મીનાને તે પત્રો વાંચીને હૂંફ મળતી. એ પણ જવાબ લખતી –

"તું શહેરમાં મોટી થજે, પણ ગામનું હૃદય ભૂલતી નહીં."

બંને વચ્ચે પત્રોનો એ પ્રેમભર્યો સંવાદ વર્ષો સુધી ચાલ્યો.

એક દિવસ દીપાએ ધ્યાન આપ્યું કે મીનાના પત્રો આવવા બંધ થઈ ગયા. અઠવાડિયા પછી પણ કંઈ ખબર નહોતી. ચિંતા વધવા લાગી.

દીપાએ આખરે ગામ ફોન કર્યો. ત્યાંથી ખબર પડી – મીના ઘણા દિવસોથી બીમાર છે.

દિલ ધડકતું હતું. દીપાએ બીજે જ દિવસે રજા લીધી, ટ્રેનમાં બેસી ગામ તરફ દોડી.

ટ્રેનની બારીમાંથી બહાર જોયું – ખેતરો, નદી, રસ્તા, બધું જાણીતું લાગતું. આંખોમાં પાણી આવી ગયું.

ગામ પહોંચતાં જ તે મીનાના ઘરે ગઈ. મીના પથારી પર હતી, થાકી ગયેલી, પણ ચહેરા પર તે જ હાસ્ય.

દીપાને જોઈને એ બોલી, "તું આવી ગઈ દીપા મને ખબર હતી કે તું જરૂર આવશે."

દીપા એની બાજુમાં બેસી ગઈ, હાથ પકડીને બોલી,

"તું એક પત્ર લખે એ પહેલા હું દોડી આવી જાઉં, એ જ તો આપણી મિત્રતા છે."

મીનાએ ધીમેથી હસીને કહ્યું,

"મને લાગે છે હવે તું શહેર પરત નહીં જા તારા વિના હવે આ ઘર ખાલી લાગે છે."

દીપા હસીને બોલી,

"હું વારંવાર આવીશ મીના, પણ તું પણ મારી સાથે આવજે – જ્યારે હું ચાંદ જોઈશ, ત્યારે તું પણ જોતી રહે. આપણે ત્યાં મળીએ."

મીનાની આંખોમાં આંસુ હતાં, પણ એ હાસ્ય ભરેલું હતું – એક સંતોષનો ચમક.

દીપા એ આખી રાત મીનાની બાજુમાં વિતાવી. બંને બાળપણની વાતો કરતી રહી – નદી, સ્કૂલ, ગુડિયા, વરસાદ, ચાંદીની ચુડી

મીનાએ ધીમેથી કહ્યું,

"દીપા, ખબર છે? જ્યારે તું શહેરમાં હતી, ત્યારે પણ હું રોજ તારું નામ બોલતી. લાગે છે, તું સાંભળે છે ક્યાંક." દીપાએ માથું હલાવ્યું, "હા મીના, હું સાંભળતી હતી – મારા હૃદયમાં." થોડા મહિનાઓ પછી મીનાનું સ્વાસ્થ્ય સુધર્યું. હવે દીપા વારંવાર ગામ આવતી, ક્યારેક આખો અઠવાડિયો રહી જતી. ગામના લોકો કહેતા, "દીપા શહેરની છે, પણ દિલથી તો આ ગામની જ છે."

બંને ફરી નદીના કિનારે બેઠી – સૂર્યાસ્તનો રંગ જોયો.

મીનાએ કહ્યું, "અંતર તો ક્યારેક આવશે જ, પણ આપણી દોસ્તી તો આ નદી જેવી – વહેતી, જીવંત, અનંત." દીપાએ હાથમાં ચુડી જોઈ – એ જ ચુડી જે મીનાએ વર્ષો પહેલા આપી હતી.

તે હળવેથી બોલી,

"હા મીના અંતરની દૂરી તો છે, પણ દિલની નહીં."

# ઓક્સિજન કે પાણી વગર પણ જીવિત રહે છે આ જીવ




તમે ભાગ્યે જ ટાર્ડિગ્રેડ વિશે સાંભળ્યું હશે. આ જીવો દેખાવમાં ખૂબ નાના હોય છે પરંતુ વૈજ્ઞાનિકોના રિસર્ચમાં જાણવા મળ્યું છે કે, તેઓ ખૂબ શક્તિશાળી હોય છે અને દુનિયાનું એક એવું પ્રાણી છે, જેનો વિનાશ થવો સરળ નથી.

માણસ 35થી 40 ડિગ્રી તાપમાનમાં હેરાન થઈ જાય છે પણ ટાર્ડિગ્રેડ લગભગ 150 ડિગ્રી સેલ્સિયસ અથવા 302 ડિગ્રી ફેરનહીટની ગરમી અને -457 ડિગ્રીની ઠંડી સહન કરી શકે છે. તેને ઉકળતા પાણીમાં નાખી દો, જ્વાળામુખીની રાખમાં મૂકી દો કે અંતરિક્ષની ઠંડીમાં ફેંકી દો, આ જીવ સરળતાથી મરતું નથી.

વર્ષ 2007માં વૈજ્ઞાનિકોએ હજારો ટાર્ડિગ્રેડ્સને એક સેટેલાઇટની મદદથી અંતરિક્ષમાં મોકલ્યા હતા. બધાને લાગ્યું કે, તેઓ પાછા ફરશે ત્યાં સુધીમાં મરી જશે પરંતુ એવું બન્યું નહીં. જ્યારે સેટેલાઇટથી પાછા ફર્યા ત્યારે જીવતા હતા અને કેટલાકે તો ઈંડા પણ મૂકી દીધા હતા.



વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, ટાર્ડિગ્રેડના શરીરમાં એક ખાસ જનીન જોવા મળે છે જેને પેરામૈક્રોબાયોટસ કહેવામાં આવે છે. આ જનીન ટાર્ડિગ્રેડને ખતરનાક UV કિરણો અને રેડિએશનથી બચાવે છે. તેની ખાસિયત એ છે કે તે હાનિકારક અલ્ટ્રાવાયોલેટ કિરણોને શોષી લે છે, એટલે કે નુકસાન પહોંચાડતા પહેલા જ ખતરાનો નાશ કરી દે છે. જોકે, સામાન્ય જીવો આ હાનિકારક કિરણોમાં ફક્ત 15 મિનિટ માટે જ જીવિત રહી શકે છે.

વોટર બિયરને તેના અનોખા આકાર માટે ઓળખવામાં આવે છે. તેના આઠ મોટા-મોટા પગ હોય છે. જ્યારે તેમાં માથા અને પૂંછડીનો વિકાસને નિયંત્રિત કરવા વાળા એચઓએક્સ જનીનની સંખ્યા પાંચ જ હોય છે, જે કૃમિઓ જેવું છે. પરંતુ તેના આકારના કારણે તેને જાનવરની શ્રેણીમાં રાખવામાં આવે છે. આ વોટર પિગનું જીવન ખૂબ જ કઠિન છે અને તે કોઈપણ પરિસ્થિતિમાં ટકી શકે છે. તે ડરામણા ડાયનાસોર કરતાં વધુ શક્તિશાળી છે. આ વોટર પિગ ફક્ત 0.5 મિલીમીટર લાંબો હોઈ શકે છે. જો તેને ઉકળતા પાણીમાં ઉકાળવામાં આવે કે ઠંડા પાણીમાં સ્થિર કરવામાં આવે તો પણ આ પ્રાણી 200 વર્ષ સુધી જીવંત રહેશે.

## હેપ્પી બર્થડે



નામ : વિહા પટેલ
માતા : પ્રીતીબેન પટેલ



નામ : ધ્યેય સગર
માતા : ટીના સગર

## રસ્તો શોધો



## તફાવત શોધો



## ટપકાં જોડો



## શબ્દો પૂરો




1. HIPPOPOTAMUS 2. ZEBRA 3. SNAKE, 4. LION, 5. WHALE. 6. RABBIT, 7. OWL, 8. ELEPHANT, 9. GIRAFFE, 10. SOUIRREL, 11. BEAR, 12. DEER, 13. DEER, 14. CORODDILE 15. BOAR, 16. MONKEY 17. RACCOON, 16. FLAMINGO

## PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME (Q1)

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 1 | | 2 | | 3 | | 4 | = | 4 |
| 2) | 1 | | 2 | | 3 | | 4 | = | 1 |
| 3) | 1 | | 2 | | 3 | | 4 | = | 2 |

### CHANGE THE WORD (Q2)

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| M | O | M |
| | | |
| | | |
| S | U | N |

### CHHOTA SUDOKU (Q3)

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| 4 | | |
| | | 9 |
| | 7 | |

વર્તુળો: 21, 23, 19, 21

### BROKEN WORDS (Q4)

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને મકાનના જુદી જુદી જગ્યાઓના 7 નામ બનાવો.

| | | | | |
|---|---|---|---|---|
| TC | ARY | NG | OOR | HA |
| LL | GA | OM | BR | YER |
| FO | VI | KI | RA | RO |
| GE | LI | FL | LI | HEN |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 1 |
| 5 અક્ષર | 2 |
| 6 અક્ષર | 1 |
| 7 અક્ષર | 2 |
| 10 અક્ષર | 1 |

**જવાબ**

1. HALL
2. FLOOR
3. FOYER
4. GARAGE
5. KITCHEN
6. LIBRARY
7. LIVING ROOM

### જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 1 | + | 2 | - | 3 | + | 4 | = | 4 |
| 2) | 1 | × | 2 | + | 3 | - | 4 | = | 1 |
| 3) | 1 | + | 2 | + | 3 | - | 4 | = | 2 |

Q2

| | | |
|---|---|---|
| M | O | M |
| M | O | N |
| S | O | N |
| S | U | N |

Q3

| | | |
|---|---|---|
| 4 | 6 | 5 |
| 8 | 3 | 9 |
| 1 | 7 | 2 |

વર્તુળો: 21, 23, 19, 21